ગાંધીનગર સમાચાર

ઘરફોડ કરતી ચિકલીગર ગેંગનો સાગરીત ઝડપાયો



# કલેકટર કચેરી બહાર ચોરી કરતો શખ્સ ઝડપાયો

## મામલતદારની ગાડીમાંથી થયેલી રિવોલ્વરની ઉઠાંતરીનો ભેદ પણ ઉકેલાયો : ત્રણ ગુના આચર્યા હોવાની કબુલાત

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરની કલેકટર કચેરી બહાર પાર્ક કરેલી ગાડીઓને ટાર્ગેટ બનાવીને તક મળતા જ ગાડીના કાચ ફોડી અંદરથી કિંમતી સામાનોની ચોરી કરી જતો શખ્સ ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. મહિનાઓ અગાઉ દહેગામ મામલતદારની ગાડીમાંથી થયેલી રિવોલ્વરની ચોરીનો ભેદ પણ ઉકેલાઈ ગયો છે. આ શખ્સે જ આ ઉઠાંતરી કરી હતી તે ઉપરાંત અન્ય બે ગુના પણ આ જ વિસ્તારમાં આચર્યા હોવાની કબુલાત આરોપીએ કરતા તેની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.



ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમને ગઈ સાંજે બાતમી મળી હતી કે કલેકટર કચેરી બહાર એક ગાડીનો કાચ તોડીને થયેલી ચોરનો પ્રયાસ કરનાર શખ્સ બાઈક લઈને સે-૧૧ કલેકટર કચેરી પાછળ ઝાડીઓમાં ઉભો છે જેના આધારે પકડી પાડી સઘન પુછપરછ કરતાં તે શખ્સ સે-૩૦ છ ટાઈપ બ્લોક નં. ૮૬/૭માં રહેતો શેખરસીંગ ગોવિંદસીંગ રાજાવત હોવાનું બહાર આવ્યું હતું. તેની સઘન પુછપરછ કરતાં અગાઉ પણ તેણે આ જ જગ્યાએથી બે ગાડીઓના કાચ ફોડી કિંમતી ચિજોની ઉઠાંતરી કરી હતી જેમાં દહેગામના મામલતદારની ગાડીમાંથી રીવોલ્વર ચોરીનો પણ ભેદ ઉકેલાયો છે. એલસીબીએ આ શખ્સની ધરપકડ કરી સઘન પુછતાથ શરુ કરી છે. આ શખ્સ અગાઉ કલેકટર કચેરીમાં એક વાર આધાર કાર્ડ કઢાવવા ગયો હતો ત્યારે તેણે માર્કીંગ કર્યુ હતું કે અહીં આવતા લોકોની પોતાની ગાડીમાં કાંઈકને કાંઈક કિંમતી ચીજો પડી હોય છે ત્યાર બાદ આ જગ્યાને જ ટાર્ગેટ બનાવતો હતો.

## @ગાંધીનગર

● નશાબંધી સપ્તાહ અંતર્ગત સવારે ૧૦ કલાકે ઔધોગિક તાલીમ સંસ્થા દહેગામ ખાતે વકતૃત્વ સ્પર્ધા તેમજ સીડી શૉનો કાર્યક્રમ યોજાશે.

● વસાહત મંડળ દ્વારા સેકટર-૧૩-સીના કોમન પ્લોટ ખાતે જીતેન્દ્રભાઈ મહારાજની વ્યાસપીઠે બપોરે ૩.૧૫ થી ૬.૧૫ કલાક દરમિયાન શિવ મહાપુરાણ કથા યોજાશે.

● નશાબંધી સપ્તાહ અંતર્ગત સાંજે ૫ કલાકે પાલુંદ્રા, દહેગામ ખાતે 'હાથના કર્યા હૈયે વાગે' નાટકનો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● નગરમાં ગાંધી જયંતિની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી. સે-૧૦માં કામધેનુ યુનિ.ના વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અભિયાન હાથ ધરી આસપાસના વિસ્તારની સાફ સફાઈ કરી હતી.

● ખ-૩ સર્કલને સત્ય સર્કલનું નામ આપવામાં આવ્યું છે અને અહીં સત્યના પ્રતિક રૂપે ગાંધીજીના ચશ્મા અને લાકડીની પ્રતિકૃતિ મુકવામાં આવી છે. શરૂઆતમાં આ ચશ્મામાં સ્વચ્છતા અને અહિંસા લખેલા કાચ લગાડેલા હતા હવે તો તેમાં કાચ જ નથી રહ્યાં.

● સે-૨માં સાંજના સુમારે પાટીદાર અનામત આંદોલન અંતર્ગત કેટલીક મહિલાઓએ થાળીનાદ કર્યો હતો પરંતુ પોલીસ ઊંઘતી રહી હતી. ઘટનાની જાણ થતા સફાળી જાગેલી પોલીસે 'ઘોડા છૂટયા પછી તબેલાને તાળા' ની જેમ ૨૦ થી ૨૫ અજાણી મહિલાઓ વિરૂધ્ધ ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

● શહેરની શાળાઓમાં સેમેસ્ટર-૧ની પરીક્ષાઓનો પ્રારંભ થઈ ચૂકયો છે. નવરાત્રિ પહેલા પરીક્ષાઓ લેવાઈ રહી હોવાથી વિદ્યાર્થીઓ પણ હોંશે હોંશે પરીક્ષા આપી ગરબે ઘુમવાના કોડ સેવી રહ્યાં છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# જવા નીકળ્યા દેશની સરહદે પરંતુ વાટ પકડી અનંતયાત્રાની...

## વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ અમૃતભાઈ મોઢ ૨૫ સિનિયર સિટીઝન્સ સાથે સૂઈ ગામે જવા બસમાં બેઠાને ગણતરીની મિનિટોમાં હૃદય રોગના હુમલાથી નિધન

ગાંધીનગર, તા.૨

'ન જાણ્યુ જાનકી નાથે, કાલે સવારે શું થવાનું છે?' માણસ વિચારે છે શું અને થાય છે શું? તે બાબતની પ્રતિતિ આજે સવારે નગરમાં બનેલી એક આઘાતજનક ઘટનાથી થવા પામે છે. વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ અમૃતભાઈ મોઢ આજે સવારે તેમના મિત્રો સાથે બનાસકાંઠાની સરહદે છેવાડાના સૂઈ ગામની મુલાકાતે જવા બસમાં નીકળ્યા પરંતુ અચાનક આવેલા હૃદયરોગના હુમલાને કારણે ગણતરીની મિનિટોમાં જ અનંતની યાત્રાએ ઉપડી જવા પામ્યા હતા.

સે-૨૨માં વાસ્તુનિર્માણ સોસાયટીમાં રહેતા અમૃતભાઈ મોઢ વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ માટે સતત પ્રવૃત્તીશિલ હતા. વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા આજે તેમણે સિનિયર સીટીઝન્સને



બનાસકાંઠાની સરહદે સૂઈ ગામની મુલાકાત લેવાનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો. જેમાં તેઓ બીએસએફના જવાનો સાથે યાદગાર પળો વીતાવવાના હતા. આ માટે તેઓ ચ-૭થી અન્ય ૨૫ વરિષ્ઠ નાગિરકો સાથે સવારે ૭.૧૫ કલાકે બસમાં બેઠા હતા. બસ હજુ તો ઘ-૭ સુધી પણ પહોંચી નહોતી ત્યાં તો તેમને છાતીમાં દુ:ખાવો ઉપડયો અને માત્ર ગણતરીની મિનિટોમાં જ તેમનું નિધન થઈ જતા તેમના સાથી મિત્રો ઘેરા શોકમાં ગરકાવથી જવા પામ્યા હતા. દેશની સહહદે બીએસએફના સુરક્ષા કર્મીઓની મુલાકાતને બદલે અનંતની યાત્રાએ અમૃતભાઈ મોઢ ઉપડી જતા સમગ્ર નગરના સિનિયર સિટીઝન્સમાં ઘેરા શોકની લાગણી ફેલાવા પામી છે.



ગાંધીનગર તાલુકાના આદર્શ ગામ રાજપુર ગામે ગાંધી જયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીજીના સત્ય, અહિંસા, અપરિગ્રહ સહિતના તમામ ૧૧ વ્રત આધારિત વિવિધ વાર્તાઓ બાળકોને કહેવામાં આવી હતી. બાળકોએ કાર્યક્રમમાં ગીતો ગાયા હતા અને વિવિધ કૃતિઓ રજુ કરી હતી. કાર્યક્રમ પત્યા બાદ બાળકોએ શિક્ષકો સાથે પોતાના ઘરેથી લાવેલ ટિફિનના સમુહ ભોજનનો આનંદ માણ્યો હતો.

# પી.કે. ચૌધરી આર્ટસ કોલેજમાં સપ્તધારા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૨

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ યોજના સપ્તધારા અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાનધારા અંતર્ગત કવીઝ સ્પર્ધા, સર્જનાત્મક ધારામાં વિદ્યાર્થીઓએ વાર્તા, નિબંધ તથા મૌલિક કાવ્યરચના લેખમાં ભાગ લીધો હતો. યોગ ખેલકૂદ દ્વારા અંતર્ગત સ્પોર્ટસ ઓરિએન્ટેશન અને પ્રેકટીસ કાર્યક્રમ ગીત-સંગીત ધારામાં વિદ્યાર્થીઓએ દેશભકિત સમૂહ નૃત્ય ગીત રજુ કર્યુ હતું. નાટયધારામાં વિદ્યાર્થીની દ્વારા ગામડાની ભોળી મા, વિષયક એકપાત્રીય અભિનય રજુ કર્યો તથા કલા કૌશલ્ય ધારામાં વિદ્યાર્થીનીઓએ સંગીતકલા, મહેંદી સ્પર્ધામાં ભાગ લીધો હતો. સપ્તધારાના કોલેજના કો ઓર્ડીનેટર પ્રા. પ્રતિમાબેન છનિયારાએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સાથ સહકાર પૂરો પાડયો હતો. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ વિજેતા બનેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તેમજ શુભેચ્છાઓ પાઠવી હતી.

## સે-૧૨ બી.આર. સી. ભવન ખાતે વકતૃત્વ-નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તેની તાલુકા કક્ષાની વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. બી.આર. સી. ભવન ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ૩૩ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે દેવલ ઠાકોર, દ્વિતિય ક્રમે નિશા ઠાકોર, તૃતીય ક્રમે રેખાબેન નાયક વિજેતા બન્યા હતા. તેમજ વકતૃત્વ સ્પર્ધામાં બાસીમ મનસુરી પ્રથમ ક્રમે, દ્વિતિય ક્રમે અવની પરમાર, તૃતીય ક્રમે ગાયત્રી પરમાર વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં તાલુકા-પ્રાથમિક શિક્ષણ અધિકારી સંજય પરમાર, બિટી નિરીક્ષક હર્ષદભાઈ પટેલ, સ્પર્ધાના મૂલ્યાંકનકાર તરીકે રશ્મિકાબેન મોદી તથા કલ્પેશભાઈ પટેલ હાજર રહ્યા હતા.

## ચિલોડા અક્ષર કોમ્પ્લેક્ષ સામેથી જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ચિલોડા સર્કલ નજીક સ્થિત અક્ષર કોમ્પ્લેક્ષની સામે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પોલીસે દરોડો પાડી પાંચ શકુનીઓને ઝડપી પાડયા હતા. રૂ. ૪૩૫૦ રોકડ સાથે દશેલાના મેહુલ બાબુ પરમાર, મોટા ચિલોડાના પ્રવિણ રમેશ રાવળ, વિનોદ પારસમલ ખત્રી, નરેશ પારસમલ ખત્રી અને શિહોલીના ઈમ્તિયાઝ લતીફ લુહારની ધરપકડ કરી લઈ તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી કહી છે.

## રાજભવન સાથે ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૪૭મી જન્મ જયંતિ નિમિત્તે આજે



રાજભવનના પ્રાંગણમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાને ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ પુષ્પાંજલિ અર્પી હતી. શ્રીમતી અવિનાશ કોહલીએ પણ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.

આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરૂણ બુચ તથા અન્ય અગ્રણીજનો, રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓએ પણ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.

## સેકટર-૮ અંબિકા ચોક નવરાત્રિ સમિતિના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨

સેકટર-૮-બી અંબિકા ચોક ખાતે નવરાત્રિ મહોત્સવ સમિતિની ૨૦૧૫-૧૬ના વર્ષ માટેની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. આ સમિતિના પ્રમુખપદે નિકેશભાઈ પટેલ, મહામંત્રી પદે અનિલ બારોટ, ઉપપ્રમુખ પદે આશિષ બ્રહ્મભટ્ટ, ખજાનચી પદે અલ્કેશ નાયક, સંગઠન મંત્રી પદે રૂપેશ દેસાઈ, સહમંત્રી પદે જીતુભાઈ વાઘેલાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જયારે કારોબારી સમિતિમાં જયેશ જાદવ, લક્ષ્મણ મિત્તલ, મયુર ઠકકર, હસમુખ કાકડીયા, ડૉ. અમીત રાઠોડ તથા સલાહકાર સમિતિમાં પ્રમોદભાઈ પરમાર અને રાજકુમાર મકવાણાની વરણી કરવામાં આવી હતી.

# ઘરફોડ કરતી ચિકલીગર ગેંગનો સાગરીત ઝડપાયો

## હિંમતનગર અને પ્રાંતિજની ઘરફોડ ચોરી કરી હોવાની આરોપીએ ગાંધીનગર એલસીબી સમક્ષ કબુલાત કરી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર એલસીબીની ટીમે ગઈ કાલે ચિલોડા-સાદરા રોડ પરથી ચિકલીગર ગેંગના એક સાગરીતને



ઝડપી લીધો હતો. ઘરફોડ ચોરીનાં ગુના આચરતી આ ચિકલીગર ગેંગના સાગરીતે હિંમતનગર એ ડીવીઝન અને પ્રાંતિજમાં ઘરફોડ ચોરી કરી હોવાની કબુલાત કરતાં તેની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંગ યાદવની સુનચાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે તેમની ટીમને મિલ્કત સંબંધી ગુનાઓના ડિટેકશન માટે દોડતી કરી છે. દરમિયાન ગઈ કાલે એલસીબી પી.એસ.આઈ. એન.એન. ચાવડા તથા હેડ કોન્સ્ટેબલ કીરીટકુમાર, સંદિપકુમાર અને કોન્સ્ટેબલ સંદિપસિંહ, મહિપાલસિંહ સહીતનો સ્ટાફ ચિલોડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે ચારેક માસ પહેલા હિંમતનગર-શામળાજી રોડ પર આવેલી સરણમ સોસાયટીમાં ઘરફોડ ચોરી કરનાર ચિકલીગર ગેંગના ચાર શખ્સો પૈકી સાદરાનો રહેવાસી ઓમકારસિંગ રાજેન્દ્રસિંગ ચિખલીગર ચિલોડાથી સાદડા રોડ પર ઉભો છે જેના આધારે તેને ઝડપી પાડી યુકિત-પ્રયુકિતથી પુછપરછ કરતાં પોતાના સાગરીતો સાથે મળી તેણે ઘરફોડ કરી હોવાની કબુલાત કરી લીધી હતી. તેના સાગરીતો બાબતે પુછતા બે આરોપીઓ સેન્ટ્રલ જેલમાં અને એક ફરાર હોવાનું જણાવ્યું હતું. હિંમતનગર એ ડીવીઝનની એક ઘરફોડ ચોરી ઉપરાંત પ્રાંતિજની એક ઘરફોડ ચોરી પણ ગેંગે કરી હોવાની કબુલાત કરી છે તેની વધુ પુછતાછ ચાલી રહી છે.

## પોસ્ટ વિભાગનો છબરડો

ગાંધીનગર, તા.૨

દરેક સંસ્થાની અલગ અલગ વેબસાઈટ પરથી તેની માહિતી આપણે મેળવી શકીએ છીએ પણ વેબસાઈટ જ ખોટી છપાઈ હોય તો ટેકનોલોજી કંઈ કામની રહેતી નથી. આવી જ એક ભૂલ પોસ્ટ વિભાગ દ્વારા અપાતી પાસબુક ઉપર છપાઈ છે.

સીનીયર સીટીઝન સેવીંગ્સ સ્કીમમાં નાણાં રોકવામાં આવતા પોસ્ટ વિભાગે સેવિંગ પાસબુક ઉપર **visit us www. indipost.gov.in** વેબસાઈટ છાપી જે ખરેખર **visit us www.indiapost.gov. in** હોવી જરૂર છે. આથી જ ખબર પડે છે કે પોસ્ટ વિભાગના સત્તાધીશો ભારતના સ્પેલીંગની અજ્ઞાનતા ધરાવે છે તે જ ઉપરોકત સુધારાથી જાણી શકાય છે.

# આશ્રમ ભજનાવલિ... ગાંધીજીને સાદગી સભર સૂર-શબ્દ-સંગીતની સુરાંજલિ

## ... જે પીડ પરાઈ જાણે રે... સુરદાસ, કબીર, મીરાં, નાનક, નરસિંહ મેહતા અને ભીમસેન જોષીની ગાંધીજીની ગમતી પ્રાર્થના સહ કલાગુર્જરીએ પૂ. બાપુની જન્મજયંતિને મધુરી બનાવી

આશ્રમ ભજનાવલિ એ ગાંધીજીએ ખાસ તૈયાર કરાવેલું પુસ્તક, સર્વધર્મ સમભાવ અને એક જ સમયે દેશના વિવિધ આશ્રમોમાં એક સરખી પ્રાર્થના થાય એવો એમનો આગ્રહ... ગાંધીજીએ જ કહેલા પ્રાર્થના વિશેના એમના સચોટ ખયાલ, 'જેમ શરીર માટે ખોરાક



આવશ્યક છે તેમ જ આત્મા માટે પ્રાર્થના આવશ્યક છે. માણસ ખોરાક વગર ઘણાં દિવસ ચલાવે, પણ પ્રાર્થના વિના ક્ષણ વાર પણ ન જીવી શકાવું જોઈએ...મને તો શંકા નથી કે, આજે આપણું વાતાવરણ કજિયા, કંકાસ અને મારામારીથી ભરેલું છે, તેનું કારણ એ છે કે આપણામાં સાચી પ્રાર્થનાની ભાવના નથી... જો તમારે શુધ્ધ ચરિત્ર અને ચિત્ત શુધ્ધિ ઉપર તમારી કેળવણીનો પાયો નાંખવો હોય તો નિત્ય નિયમિત પ્રાત:કાળે અને સંધ્યાકાળે પ્રાર્થના જેવો સરસ ઉપાય બીજો એકે નથી.'

ગાંધીજીએ એટલે જ આશ્રમવાસીઓ માટે ખાસ પ્રાર્થના ભજનાવલિ તૈયાર કરી... ગાંધીનગરની કલારસીક જનતા માટે પૂ. બાપૂને વંદન કરવા માટે કલાગુર્જરી સંસ્થા છેલ્લા આઠ વર્ષથી આ નિયમને આત્મસાત કરીને દર બીજી ઓકટોબરે... પીડ પરાઈ જાણે રે... કાર્યક્રમ બરાબર સવારે સાડા છ વાગે યોજીને ગાંધીજીને ગમતી પ્રાર્થનાઓનું ગાન કરે છે અને એમાં સ્વયંભુ લોકો હાજર રહે છે.

આ વખતે ગાંધી વંદના કાર્યક્રમ કરવા માટે પંડિત જસરાજના શિષ્ય પરેશ નાયક એમના શ્રીમતી એટલે મુળ ગાંધીનગરના જ માલિની પંડિત નાયક અને એમના બે સુપુત્રો દ્વિજ અને ચિંતન શત પ્રતિશત ગાંધીજીની

> સહેજ તો સાચું બોલી જો પછી ગાંધીની વાત કર
> સહેજ તો ખુદને તોળી જો પછી ગાંધીની વાત કર
> શૂટ બૂટ ત્યાગીને પહેરી લીધી લંગોટી એણે
> આ શર્ટની બ્રાન્ડ છોડી જો પછી ગાંધીની વાત કર




'આશ્રમ ભજનાવલિ'ના ગીતો, પદો, ભજનો લઈને હાજર થયાં હતાં....

પ્રાર્થનાની કોઈ પ્રસ્તાવના ન હોય એ તો અંતરમાંથી જ પ્રકટે એવી વાત સાથે જ 'આશ્રમ ભજનાવલિ'માંથી શ્લોક પંઠનની સંગીતમય શરૂઆત થઈ. અસતોમા સદ્‌ગમય, તમસો મા જયોતિર્ગમય, ઈશીવાસ્યમ ઈદમ સર્વમ યત્ કિંચ જગત્યા જગત્, તેન ત્યકતેન ભુંજિયા, મા ગુધ કસ્યસ્વિદ ધનમ, પ્રાત: સ્મરામિ હૃદી સંસ્કુરદ આત્મ તત્વમ, ગુરૂર બ્રહ્મા ગુરૂર વિષ્ણુ ગુરૂર દેવો મહેશ્વર, બિસ્મિલ્લાહિર્ રહમાતિર રહીમ, કુલ હુવલ્લાહુ અહ્‌દ, મજદા અત મોઈ વહિશ્તા, સ્ત્રવા ઓસ્ચા શ્યોયનાચા વઓચા, શૉવર ઑફ બ્લેસિંગ વી નીડ... જેવી હિન્દુ-મુસ્લિમ-ઈસુ-બુધ્ધ સૌના સમન્વયની પ્રાર્થનાથી માહોલ ભકિતમય બન્યો....

શબ્દ અને નાદનું આધ્યાત્મિક સંયોજન એટલે પ્રાર્થના અને આરતી તો આપોઆપ હૃદયકુંજમાં ઘંટારવ કરે એવો એકાક્ષરી મંત્ર એટલે ઓમ્, અને એનું ભજન એટલે ઓમ ગુરૂ ઓમ, ઓમથી અનોખી અદા... ૨૧મી સદીમાં પણ જેઓ આદર્શ પુરૂષ તરીકે પૂજાય છે એવા રામ અને કૃષ્ણના ગુણગાન ગાવાં કરતા ગુણપાન કરીએ તો વધુ યોગ્ય ગણાય... પંડિત ભીમસેન જોષીની અદભુત રચના, 'રામ કા ગુણગાન કરીએ, રામ પ્રભુકી ભદ્રતા કા સભ્યતા કા ધ્યાન ધરીએ...'

મહર્ષિ ઓશોએ મીરાંની એક સરત વાત કરેલી કે, 'મીરાં પાંચ વર્ષની હતી અને કૃષ્ણ મૂર્તિ સાથે પ્રેમ થયો, હવે એને મૂર્તિ સાથે થયો, પૂજારી સાથે થયો કે કૃષ્ણ સાથે થયો એ મહત્વનું નથી એ પ્રેમમાં દિવાની



બની અને અગણિત પદોની રચના કરી અને મીરાંપદ પામી' સાથે સુરદાસની રચના 'અખીયાં હરિદર્શન કી પ્યાસી...' ભાવવાહી રીતે રજૂ થયું.

નૃત્ય એ સાધનાનો પ્રકાર છે કૃષ્ણ ગોપી સાથે રાસ રમે, અંબેમાના ચાચર ચોકમાં ગરબા લેવાય કે સૂફી સંત તલ્લીન થઈને ઘૂમરી લેતો ડાન્સ કરે એ ભકિતરસની વાત છે. મુરલી વાગેને ગોપી દોડી જાય, જેના અંતરમનની મોરલી વાગી અને એ સંભળાઈ એટલે બેડો પાર... પંડિત ભીમસેન જોષીની એવી જ પ્રસિધ્ધ રચના 'બાજે રે મુરલીયા બાજે રે, અધર ધરે મોહન મુરલી પર હોઠ પે માયા બિરાજે...' ભકિતની તાન છેડતી રચના...

સૂફા-સૂફી એટલે પવિત્ર-સ્વચ્છ જેવી સૂફી રચના, 'બસ અબ મેરે દિલમે બસા, તુ હી તુ હૈ...' વિચારની પવિત્રતાથી કંઈ ન થાય, આચારની શુધ્ધતા જોઈએ, માણસ જન્મથી નહી પણ એનાં કર્મોથી મહાન બને છે અને એ વાતને આદિ કવી નરસિંહ મેહતાએ એમની 'રામસભા'માં કરી છે... 'રામસભામાં અમે રમવાને ગ્યાં તા, અંજલિ ભરીને રસ લીધો રે...'

(અનુસંધાન પાના નં. ૭ પર)

## હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની વિદ્યાર્થીનીઓનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ખાતે યોજાયેલી દક્ષિણ વિભાગ ગુજરાત યુનિ. હેન્ડબોલની ચેમ્પિયનશીપમાં ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ હાલોલની આર્ટસ અને કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓને ૧૦/૨ ગોલથી પરાજય આપ્યો હતો. તેઓએ સતત સોળમીવાર જીત હાંસલ કરી ગુજરાત યુનિવર્સિટી ચેમ્પિયનશીપ જાળવી રાખી છે. આ હેન્ડબોલ ટીમ સભ્યોમાં કિંજલ બ્રહ્મભટ્ટ, જીગીષા સુથાર, ફાલ્ગુની ચૌધરી, હેતલ ચાવડા, કોમલ દરબાર, ઝીલ ચૌધરી, ખ્યાતિ ચાવડા, અંબિકા ઠાકોર, પિનલ પટેલ છે કે જેઓએ વિજેતા બની કોલેજનું ગૌરવ વધાર્યુ હતું. આચાર્ય પાર્થભાઈ જોષી, ફીજીકલ ડાયરેકટર પ્રો. એચ.એમ. પટેલ તથા સમગ્ર કોલેજ પરિવારે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# હવેલી મંદિર સેકટર-૨૧માં રવિવારે વચનામૃત યોજાશે

ગાંધીનગર, તા.૨

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી કુંજેશકુમાર મહોદયનું વચનામૃત દાનના દિવસોમાં હવેલી મંદિર સે-૨૧ ખાતે તા. ૪ ઓકટોબરના રોજ સાંજે પાંચ વાગ્યાથી છ વાગ્યા સુધી યોજવામાં આવલ છે. આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ તરફથી ધો-૧૦ અને ધો-૧૨માં એક થી ત્રણમાં આવેલ તેજસ્વી તારલાઓને પ્રોત્સાહનરૂપે ઈનામ વિતરણ કાર્યક્રમ પણ રાખેલ છે તો વૈષ્ણવોએ તેનો લાભ લેવા માનદ મંત્રીશ્રી રસિકભાઈ ગાંધીએ જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. અમરતબા નટુજી વાઘેલા, ઉ.વ. ૫૦
- સ્વ. ચંચળબા સોમાજી ઠાકોર, ઉ.વ. ૯૫
- સ્વ. વિપુલ સંજયભાઈ દંતાણી, ઉ.વ. ૧૪
- સ્વ. ભાવેશ પંકજકુમાર યાજ્ઞિક, ઉ.વ. ૩૧
- સ્વ. સાગરભાઈ જેઠાભાઈ રબારી, ઉ.વ. ૬૮
- સ્વ. અમૃતલાલ ગંગારામ મોઢ, ઉ.વ. ૭૮